**ક્રીમીનલ પરચુરણ અરજી નં. – ૧૩૦૬૨/૨૦૨૬**

CNR No. GJSR02-418682-2026

**ઇચ્છાપોર** પો.સ્ટે.ગુ.રજી.નં**. ૦૭૦૦/૨૦૨૬**

પ્રોહી.એક્ટ કલમ – ૬૫(એ)(એ)

અરજદાર/ આરોપીઃ – **ગીતાબેન ધનસુખભાઈ પટેલ**

**–: રેગ્યુલર જામીન મેળવવાની અરજી તળે હુકમ :–**

હાલની જામીન અરજી વંચાણે લીધી. જામીન અરજી અન્વયે આરોપીના વિદ્વાન વકીલશ્રીને સાંભળ્યા. ફરીયાદ પક્ષ તર્ફે વિદ્વાન એપીપીશ્રીને સાંભળ્યા. તેમજ આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ, એફ.આઇ.આર. વિગેરે વંચાણે લીધા. ભારતીય નગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ ની કલમ–૪૭૮ ની જોગવાઇને ધ્યાને લીધી. આ કામે રજુ થયેલ પોલીસ પેપર્સ, એફ.આઈ.આર. વિગેરે વંચાણે લેતાં ગુન્હાના કામે મુદ્દામાલ રીકવર થઇ ગયેલ છે. વધુમાં આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની ટ્રાયલ ચલાવવાની સત્તા અત્રેની અદાલતને પહોચે છે. તેમજ આ કામના આરોપી વિરૂધ્ધ દેહાંત દંડ કે આજીવન સજાની જોગવાઈના ગુન્હાનો આક્ષેપ નથી. વધુમાં હાલના કેસમાં પંચો સિવાય મોટાભાગના સાહેદો પોલીસ સાહેદો છે. જેથી સાક્ષી પુરાવા સાથે ચેડા થવાની શક્યતા નહીવત જણાય છે. તેમજ નજીકના ભવિષ્યમાં ચાર્જશીટ દાખલ થવાના સંજોગો પણ ઓછા જણાય છે. વધુમાં આ કામના આરોપી ટ્રાયલ દરમ્યાન નિયમિત કોર્ટમાં હાજર રહેવાની ખાત્રી આપે છે અને બાકી રહેલ તપાસમાં પણ પોલીસને સંપુર્ણ સહકાર આપવાની ખાત્રી આપે છે. તેમજ રેકર્ડ ધ્યાને લેતાં આરોપીની ટ્રાયલ દરમ્યાન હાજરી સિકયોર થાય તેવા સંજોગો છે. વધુમાં અદાલતે આ કામના આરોપી /આરોપીઓ વિરૂધ્ધ આક્ષેપિત ગુન્હાની હકીકત, આરોપી /આરોપીઓએ ગુન્હો આચરવામાં ભજવેલ રોલ, ગુન્હાની ગંભીરતા, સજાની જોગવાઇને લક્ષમાં લીધેલ છે. તેમજ નામ. સર્વોચ્ચ અદાલતે ***સંજય ચંદ્રા વિ. સી.બી.આઇ., એ.આઇ.આર. ૨૦૧૨ સુપ્રિમ કોર્ટ પેજ નં.૮૩૦*** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રતિપાદિત કરેલ સિધ્ધાતને નજર સમક્ષ રાખતા તેમજ તાજેતરમાં નામ. સર્વોચ્ચ અદાલતે ***Satender Kumar Antil Versus Central Bureau Of Investigation And Another, 2022(0) AIJEL-SC***

***69508*** ઉપર પ્રસિધ્ધ ચુકાદામાં જામીન અંગે પ્રસ્થાપિત કરેલ સિધ્ધાતને ધ્યાને લેતાં તેમજ નામ. વડી અદાલત દ્વારા જામીન અંગે વખતો વખત પ્રતિપાદીત કરેલ સિધ્ધાતોને ધ્યાને લેતાં, જામીન એ નિયમ છે અને જેલ એ અપવાદ છે, તેને નજર સમક્ષ રાખતા જો આરોપી/આરોપીઓને વધુ સમય જેલમાં રહેવાનો વારો આવશે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થયા બરાબર ગણાશે. આમ, આરોપી/આરોપીઓ સામે આક્ષેપિત ગુન્હાની હકીકત, કેસ પેપર્સ વિગેરે તમામ સંજોગોને ધ્યાને લેતાં અત્રેની કોર્ટને જામીન આપવા અંગેની મળેલ વિવેકાધીન સત્તાનો ઉપયોગ આરોપી/આરોપીઓની તરફેણમાં હાલના તબક્કે કરવો ન્યાયી અને વાજબી જણાય છે. જેથી આરોપી/આરોપીઓની જામીન અરજી મંજુર કરતો નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–= હુકમ =–**

(૧) ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા–૨૦૨૩ કલમ–૪૭૮ અન્વયેની આરોપી /આરોપીઓની હાલની રેગ્યુલર જામીન ઉપર મુક્ત થવા અંગેની અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

(૨) આ કામના પ્રત્યેક આરોપીએ **રૂ૦ ૧૫,૦૦૦/–(અંકે રૂપિયા પંદર હજાર પુરા)** ના જાત જામીન આપે તો, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર કસ્ટડી મુક્ત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**–= શરતો =–**

(૧) આરોપી/આરોપીઓએ ફરીયાદ પક્ષના સાહેદોને ધાક ધમકી કે લાલચ, પ્રલોભન આપવું નહીં કે પુરાવા સાથે ચેડાં થાય તેવું કોઈ કૃત્ય કરવું કરાવવું નહીં.

(૨) આરોપી/આરોપીઓએ બાકી રહેલ તપાસમાં ત.ક.અમલદારને સહકાર આપવો. તેમજ ટ્રાયલ દરમિયાન નિયમીત કોર્ટમાં હાજર રહી ટ્રાયલ ચલાવવામાં સહકાર આપવો.

તા. ૦૬/૦૮/૨૦૨૬
સુરત.

(બી.એન.ત્રિવેદી)
૧૪મા એડી.જયુડી.મેજી.ફ.ક., સુરત.
જી.જે. ૦૧૭૬૩